# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 12-06-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## અમદાવાદ વિમાન દુર્ઘટના - 1

**અમદાવાદથી લંડન જઈ રહેલું એર ઇન્ડિયાનું પેસેન્જર વિમાન આજે અમદાવાદ વિમાનીમથક નજીક મેઘાણી નગર વિસ્તારમાં દુર્ઘટનાગ્રસ્ત થયું છે. નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલયના જણાવ્યા અનુસાર, ફ્લાઇટ નંબર AI-171 ના આ વિમાનમાં ૨૪૨ લોકો સવાર હતા, જેમાં 2 પાઇલટ અને 10 કેબિન ક્રૂનો સમાવેશ થાય છે. આમાંથી એકસો ઓગણત્રીસ ભારતીય નાગરિકો, ત્રેપન બ્રિટિશ નાગરિકો, એક કેનેડિયન નાગરિક અને 7 પોર્ટુગીઝ નાગરિકો છે. ઇન્ટર્ન ડોક્ટરો માટેની અતુલ્ય હોસ્ટેલનાં બિલ્ડિંગ પર પ્લેન પડતા ત્યાં પણ મોટી સંખ્યામાં જાનહાની થઇ હોવાની માહિતી મળી રહી છે.**

**એલર્ટ મળતાં જ અગ્નિશમન દળ, પોલીસ, નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ, આરોગ્યની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. અને સતત રાહત અને બચાવ કાર્યમાં લાગેલી છે. 130 જવાનો સાથેની આર્મીની ટીમ પણ તૈનાત કરાઈ છે. સૈન્ય હોસ્પિટલને પણ સ્ટૅન્ડબાય રાખવામાં આવી છે. ઘાયલોને સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.**

**રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કહ્યું છે કે ઘાયલોને હોસ્પિટલોમાં લઈ જવા માટે ગ્રીન કોરિડોર ગોઠવવા અને પ્રાથમિકતાના ધોરણે તમામ તબીબી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે પણ સૂચનાઓ આપવામાં આવી છે. દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોની ઓળખ માટે તેમના સગાઓના DNA સેમ્પલ લેવા અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા વ્યવસ્થા કરાઈ છે.**

**બચાવ અને રાહત કામગીરીને સરળ બનાવવા માટે અકસ્માત સ્થળ તરફ જતા તમામ રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા છે. અમદાવાદ એરપોર્ટ ઓથોરિટીએ વિવિધ ફ્લાઈટ્સના**

**મુસાફરોને સંબંધિત એરલાઇન્સ સાથે સંપર્ક કરીને ફ્લાઈટની વિગતો મેળવીને જ એરપોર્ટ માટે નીકળવાની અપીલ કરી છે.**

**-------------------------------------------------------------------------------------------**

## અમદાવાદ વિમાન દુર્ઘટના - 2

**રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ આ દુ:ખદ ઘટના પર ઊંડો શોક અને આઘાત વ્યક્ત કર્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એર ઈન્ડિયાની આ વિમાન દુર્ઘટનાને હૃદયદ્રાવક ગણાવી છે. શ્રી મોદીએ કહ્યું કે આ દુઃખની ઘડીમાં, તેમની સંવેદનાઓ તમામ અસરગ્રસ્તો સાથે છે.**

**દરમિયાન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગૃહમંત્રી અમિત શાહ અને નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુ સાથે અકસ્માત અંગે વાત કરી હતી. પરિસ્થિતિનો તાગ મેળવવા શ્રી શાહ અને શ્રી નાયડુ અમદાવાદ પહોંચી રહ્યા છે.**

**-------------------------------------------------------------------------------------------**

## અમદાવાદ વિમાન દુર્ઘટના - 3

**એરક્રાફ્ટ અકસ્માત તપાસ બ્યુરોના ડિરેક્ટર જનરલ, તપાસ નિર્દેશક અને તપાસ ટીમ પણ અમદાવાદ જવા રવાના થઈ ગઈ છે.**

**અકસ્માત અંગે વધુ માહિતી માટે એર ઇન્ડિયાએ પેસેન્જર હોટલાઇન નંબર 1800 5691 444 શરૂ કર્યો છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે બધી વિગતોનું સંકલન કરવા માટે મંત્રાલયમાં એક ઓપરેશનલ કંટ્રોલ રૂમ સક્રિય કર્યો છે. તેના સંપર્ક નંબરો છે - 011-24610843 અને 96503 91859.**

**જ્યારે રાજ્ય સરકારે પણ રાજ્ય ઇમરજન્સી ઓપરેશન સેન્ટરમાં કંટ્રોલ રૂમ કાર્યરત કર્યો છે. આ કંટ્રોલ રૂમનો ફોન નંબર 079-232-51900 છે. ઉપરાંત, મોબાઈલ નંબર 9978405304**

પર પણ સંપર્ક કરી શકાય છે. રાજ્ય સરકારે આપાતકાલીન સેવાઓ માટે અલગ અલગ વિભાગોના ૪ **IAS** ની નિમણૂક કરી છે.

વિમાન દુર્ઘટના બાદ, ભારતીય રેલ્વે એ અમદાવાદથી મુસાફરોની સુવિધા માટે બે ખાસ ટ્રેનો ચલાવવાની જાહેરાત કરી છે. એક ટ્રેન અમદાવાદથી મુંબઈ અને બીજી ટ્રેન અમદાવાદથી નવી દિલ્હી માટે દોડશે.

---------------------------------------------------------------------------------

## કચ્છ ગ્રામ પંચાયત ચૂંટણી

કચ્છમાં આગામી **22** જૂને યોજાનારી ગ્રામ પંચાયતની ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થયું છે. જિલ્લામાં **30** ગ્રામ પંચાયત સમરસ થતાં હવે **136** પંચાયતમાં સામાન્ય ચૂંટણી યોજાશે. તાલુકાવાર જોઈએ તો ભુજમાં સૌથી વધુ **9** પંચાયત, અંજારમાં **6,** મુંદરામાં **5,** ભચાઉ અને માંડવીમાં **3-3,** રાપરમાં **2** અને અબડાસામાં **1** પંચાયત સમરસ થઈ છે. સમરસ થયેલી પંચાયતોને રાજ્ય સરકાર વિશેષ ગ્રાન્ટ ફાળવશે.

ઉમેદવારી ફોર્મ ભરવાના છેલ્લા દિવસે સરપંચ અને સભ્યપદ માટે **2977** ફોર્મ ભરાયા હતા. ફોર્મ ચકાસણી અને પરત ખેંચવાની પ્રક્રિયા બાદ સરપંચ પદ માટે **294** દાવેદારો મેદાનમાં રહ્યા છે. સામાન્ય અને પેટા ચૂંટણી મળીને **1368** ઉમેદવારો સભ્યપદ માટે ચૂંટણી લડશે. આમ, કુલ મળીને સરપંચ અને સભ્યપદ માટે **1662** ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે. ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થતાં જિલ્લા વહીવટી તંત્રએ બેલેટ પેપર તૈયાર કરવા સહિતની કામગીરી શરૂ કરી દીધી છે.

---------------------------------------------------------------------------------

## રતીયા પ્રાથમિક શાળા

ભુજ તાલુકાના રતીયા ગામની સરકારી પ્રાથમિક શાળામાં આજે સવારે લોબીની છતના પોપડા ખરી પડતા ત્રણ વિદ્યાર્થીઓને ઈજા થઈ છે. ઘવાયેલા વિદ્યાર્થીઓને સારવાર માટે ભુજની જીકે જનરલ સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ઘટનાને પગલે જિલ્લા શિક્ષણ અધિકારી સંજય પરમાર સહિતના અધિકારીઓ હોસ્પિટલે પહોંચી ઘવાયેલા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓની મુલાકાત લીધી હતી. બીજી બાજુ, ખાસ તપાસ ટીમને ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------

## માર્ગ અકસ્માતો

જિલ્લામાં માર્ગ અકસ્માતના બે અલગ-અલગ બનાવોમાં ૨ વ્યક્તિઓના મોત નિપજ્યા છે. ગાંધીધામમાં સૂતેલા યુવક પર ટ્રક ફરી વળ્યું હતું. ગંભીર ઈજાઓને કારણે રામબાગ હોસ્પિટલમાં સારવાર દરમિયાન આ યુવકનું મૃત્યુ થયું હતું.

જયારે નલિયા નજીક જખો રોડ પર જતા ટ્રેક્ટર આડે કૂતરું આવતા અચાનક બ્રેક મારતાં તેના પર સવાર ૧૬ વર્ષીય તરુણ નીચે પડી ગયો હતો. ટ્રેક્ટરના ટાયર નીચે આવી જવાથી માથામાં ગંભીર ઈજાને કારણે તેનું મોત નિપજ્યું હતું.

---------------------------------------------------------------------------------

## ટેન્કરમાં આગ

ભચાઉ-સામખિયાળી હાઈવે પર ગઈકાલે રાત્રે ડીઝલ ટેન્કરમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. ઘટનાની જાણ થતાં જ ભચાઉ નગરપાલિકાની ફાયર ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ટીમે લગભગ ત્રણ કલાક સુધી સતત પાણીનો મારો ચલાવીને આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો.

---------------------------------------------------------------------------------